| | |
|---|---|
| કેસ દાખલ થયાની તા. | ૦૨/૦૧/૨૦૨૬ |
| કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૨/૦૧/૨૦૨૬ |
| ઠરાવ જાહેર થયાની તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| સમયગાળો: વર્ષ–૦૦ , મહિનો–૦૨ ,દિવસ–૩૦ | |

---

**મેઘરજના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૧૨/૨૦૨૬**
**આંક :**

---

**ફરીયાદી : શ્રી સરકાર**
મહીલા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૧૨૨૫૦૦૧૬/૨૦૨૫

**• વિરૂધ્ધ •**

**આરોપીઓ :** (૧) આશીષકુમાર વિશ્રામભાઈ પાંડોર(પતિ)
(૨) વિશ્રામભાઈ મરતાભાઈ પાંડોર(સસરા)
(૩)શારદાબેન વા/ઓ વિશ્રામભાઈ મરતાભાઈ પાંડોર(સાસુ)
(૪)હંસાબેન ડો/ઓ વિશ્રામભાઈ મરતભાઈ વા/ઓ અરવિંદભાઈ બરંડા (નણંદ)

આરોપી નં.૧ થી ૩ રહે.મોટા કંથારીયા પાંડોરફળીયું, તા.ભિલોડા,જી.અરવલ્લી
આરોપી નં.૪ રહે. વાકાટીંબા,તા.ભિલોડા,જી.અરવલ્લી

---

**ગુનો: ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) ,દહેજ ધારા કલમ ૩ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી વી.આર.ભોઈ

-------------------------------------

**<u>० हुकम ०</u>**

(૧) આ કામના આરોપી સામે મહીલા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૧૨૨૫૦૦૧૬/૨૦૨૫ તા. ૦૨/૦૧/૨૦૨૬ ના રોજ ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ- ૮૫,૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨),૫૪,દહેજ ધારા કલમ-૩ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **<u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::-</u>**

સદર કામના ફ્રીયાદની હકીકત એવી છે કે, ફ્રીયાદીના લગ્નના આશરે છ માસ બાદ થી તા-૧૯/૦૩/૨૦૨૫ સુંધી (તા-૦૧/૦૧/૨૦૨૪ થી તા-૧૯/૦૩/૨૦૨૫ - મોજે સિધ્ધાર્થનગર સરકારી ક્વાટર્સ જી.સા.કા તથા ગામ કંથારીયા તા ભિલોડા જી-અરવલ્લી મુકામે આ કામના આરોપી નં.-૧ ફરીયાદીના પતિ - તથા નં.૨ નાઓ સસરા તથા નં.૩ નાઓ સાસુ તથા નં.૪ નાઓ નણંદ થતા હોય, આ કામના આરોપી નં-૦૧ નાએ ફરીયાદી સાથે અણગમો રાખીને અવાર-નવાર કામકાજ તેમજ નાની-નાની વાતોમા વાંધાવચકા પાડી તેમજ રૂ.૦૫ લાખની માંગણીઓ કરી. ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૮૫,૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨),૫૪,દહેજ ધારા કલમ-૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **<u>કોર્ટ કાર્યવાહી :-</u>**

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૭૩ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૧૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક – ૦૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૦૬ થી૦૯ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી રશ્મીબેન આશીષકુમાર પાંડોર ની જુબાની | ૧૦ |
| ૦૨ | ફરિયાદ | ૧૧ |
| ૦૩ | સાહેદ મણીલાલ હોમજી અસારીની જુબાની | ૧૨ |

(૫) ફરિયાદીને વધુ પુરાવા આપવા માંગતા નથી તેવી લેખિત પુરાવા બંધની પુરશીશ આંક: ૧૩ થી રજુ કરતાં ફરિયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

(૬) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન લ ેવા યોગ્ય પુરાવો ન હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, **ફરીયાદીના** લગ્નના આશરે છ માસ બાદ થી તા–૧૯/૦૩/૨૦૨૫ સુંધી (તા–૦૧/૦૧/૨૦૨૪ થી તા–૧૯/૦૩/૨૦૨૫ – મોજે સિધ્ધાર્થનગર સરકારી ક્વાટર્સ જી.સા.કા તથા ગામ કંથારીયા તા ભિલોડા જી–અરવલ્લી મુકામે તે એવી રીતે કે,ઉપરોક્ત તારીખ સમય જગ્યાએ આ – કામના આરોપી નં.(૧)ફરીયાદીના પતિ – તથા નં.(૨)નાઓ સસરા તથા નં.(૩)નાઓ સાસુ તથા નં.(૪)નાઓ નણંદ થતા હોય, આ કામના આરોપી નં–૦૧ નાએ ફરીયાદી સાથે અણગમો રાખીને અવાર–નવાર કામકાજ તેમજ નાની–નાની વાતોમા વાંધાવચકા પાડી તેમજ રૂ.૦૫ લાખની માંગણીઓ કરી આ અદાલતની હકુમતમાં ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૮૫,૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨),૫૪,દહેજ ધારા કલમ–૩ , મુજબનો | નકારમાં |

| | | |
|---|---|---|
| | શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૮) **–:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**<u>મુદ્દાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો

વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

(૯) <u>**ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–**</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે <u>**આંક–૧૦**</u> થી ફરિયાદી રશ્મીબેન આશીષકુમાર પાંડોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,મારા લગ્ન તા.૨૧/૦૫/૨૦૨૩ નારોજ અમારા સમાજના રિતરીવાજ મુજબ મોટા કંથારીયા ગામના આશીષકુમાર વિશ્ર ામભાઈ પાંડોર સાથે થયેલા અને લગ્ન બાદ હુ મારી સાસરીમાં કંથારીયા ગામે તેમજ હીંમતપુરનગર મુકામે રહેતી હતી અને લગ્નના છ એક માસ બાદ અમો બન્ને વચ્ચે ઘરના કામ બાબતે સામાન્ય બોલાચાલી સરૂ થયેલી અને ત્યારબાદ હુ રીસાઈને મારા પિયર મુકામે મારા પિતાના ઘરે રહેવા આવી ગયેલ ત્યારબાદ આ કામના આરોપીઓ મને તેડવા સારૂ ન આવતા મને લાગી આવતા અને ગેરસમજ થતા મે મહીલા પોલીસ સ્ટેશન ખાતે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તેમા મારી સહી છે જે ખરી નકલને આંકે પાડવા બચાવ પક્ષને વાધો ન હોય રજુ દાખલ <u>**આંક– ૧૧**</u> આપવમાં આવે છે. આ કામના આરોપીઓને હુ ઓળખુ છું જે નામ.કોર્ટમાં હાજર છે તેજ છે.

આ કામના આરોપી નં.૧ સાથે મારે સામાજીક છુટા છેડા થઈ ગયેલ છે અને મારુ કાયમી ભરણપોષણ તથા મારુ કરીયાવર મને પરત મળી ગયેલ છે જેથી હુ સદર કેસ આગળ ચલાવવા માગતી નથી જે આજરોજ નામ.કોર્ટમાં જાહેર કરુ છું.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીઓએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીઓએ બનાવ સમયે મને કે મારા કુટુબી જનોને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે દરમ્યાન આરોપીઓએ ભેગા મળી મારા પાસ ે કોઈ દહેજની રકમની માગણી કરેલ નથી. દહેજ ન આપવાના કારણે મને મારઝુડ કરી ઘરમાથી કાઢી મુકેલ નથી. અમોના આરોપી નં .૧ સાથે સામાજીક રીતે છુટાછેડા થઈ ગયેલ છે અને અમોને કાયમી ભરણપોષની રકમ તથા કરીયાવરનુ સરસામાન મળી ગયેલ છે. આ કામના આરોપી નં. ૨ થી ૪ નાઓ એ મારા પતિને મારી વિરૂધ્ધ ચઢામણી કરી દહેજ પેટેની માગણી કરી કરાવી મને માનસિક શારીરીક ત્રાસ આપતા ન હતા. આ બનાવ બાબતે મે કોઈ દવાખાનુ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ લખાવવા મારી સાથે અમારા સમાજના ઘણા માણસો મહીલા પોલીસ સ્ટેશન આવેલા. મે આપેલ ફરીયાદમાં પોલીસે મારુ નામઠામ પુછેલુ અને તૈયાર ફરીયાદમાં મારી સહી કરાવેલ. સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને મારા કુટુબી જનોએ ફરીયાદ આપેલી.

ત્યારબાદ ફરિયાદપક્ષે **<u>આંક–૧૨</u>** થી સાહેદ મણીલાલ હોમજી અસારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો

પુરાવો આપે છે કે, મારી દીકરી રોશનીબેનના લગ્ન તા.૨૧/૦૫/૨૦૨૩ નારોજ અમારા સમાજના રિતરીવાજ મુજબ મોટા કંથારીયા ગામના આશીષકુમાર વિશ્રામભાઈ પાંડોર સાથે થયેલા અને લગ્ન બાદ મારી દીકરી રોશનીબેન તેની સાસરીમાં કંથારીયા ગામે તેમજ હીંમતપુરનગર મુકામે રહેતી હતી અને લગ્નના છ એક માસ બાદ મારી દીકરી રોશનીબેન તથા તેના પતિ વચ્ચે ઘરના કામ બાબતે સામાન્ય બોલાચાલી સરૂ થયેલી અને ત્યારબાદ મારી દીકરી રીસાઈને મારા પિયર મુકામે મારા ઘરે રહેવા આવી ગયેલ ત્યારબાદ આ કામના આરોપીઓ મારી દીકરીમારી દીકરી ને તેડવા સારૂ ન આવતા તેણીને લાગી આવતા અને ગેરસમજ થતા મારી દીકરીએ મહીલા પોલીસ સ્ટેશન ખાતે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીઓને હુ ઓળખુ છું જે નામ.કોર્ટમાં હાજર છે તેજ છે.

આ કામના આરોપી નં.૧ સાથે મારી દીકરી રોશનીના સામાજીક છુટા છેડા થઈ ગયેલ છે અને તેણીનુ કાયમી ભરણપોષણ તથા મારુ કરીયાવર તેણીને પરત મળી ગયેલ છે જેથી અમો સદર કેસ આગળ ચલાવવા માગતા નથી જે આજરોજ નામ.કોર્ટમાં જાહેર કરુ છું.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારી દીકરીને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીઓએ મારી દીકરીને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીઓએ બનાવ સમયે અમને કે મારી દીકરીને કોઈ ગાળો બોલેલી

નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે દરમ્યાન આરોપીઓએ ભેગા મળી મારા પાસે કે મારી દીકરી પાસે કોઈ દહેજની રકમની માગણી કરેલ નથી. દહેજ ન આપવાના કારણે મારી દીકરીને મારઝુડ કરી ઘરમાથી કાઢી મુકેલ નથી. મારી દીકરીના આરોપી નં.૧ સાથે સામાજીક રીતે છુટાછેડા થઈ ગયેલ છે અને તેમને કાયમી ભરણપોષની રકમ તથા કરીયાવરનુ સરસામાન મળી ગયેલ છે. આ કામના આરોપી નં. ૨થી ૪ નાઓ એ મારા જમાઈને મારી દીકરી વિરૂધ્ધ ચઢામણી કરી દહેજ પેટેની માગણી કરી કરાવી તેને માનસિક શારીરીક ત્રાસ આપતા ન હતા. આ બનાવ બાબતે મારી દીકરીએ કોઈ દવાખાનુ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ લખાવવા મારી દીકરી સાથે અમારા સમાજના ઘણા માણસો મહીલા પોલીસ સ્ટેશન આવેલા. મે આપેલ જવાબમાં પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સીવાય બીજી હકીકત મે લખાવેલ નહી. સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને અમારા કુટુબી જનોએ ફરીયાદ આપેલી

**(૧૦)** આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદી આંક–૧૦ તેમનો સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે તેઓ આંક–૧૧ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. વધુમાં, સદર કામે ફરિયાદી તથા તપાસવામાં આવેલ અન્ય સાહેદો ના પુરાવાથી આ કામના આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બીભત્સ ગોળો આપેલ હોય કે માર મારેલ હોય કે આરોપીઓએ ભેગા મળી ારીયાદી કે તેના પિતા પાસે કોઈ દહેજની રકમની માગણી કરેલ હોય કે ફરીયાદીને હોય કે મારઝુડ કરી ઘરમાથી કાઢી મુકેલ હોય તેવુ ફલિત થતુ નથી. તેમજ આ કામના આરોપી નં. ૨ થી ૪ નાઓ એ આરોપી નં ૧ ને ફરીયાદી

વિરૂધ્ધ ચઢામણી કરી દહેજ પેટેની માગણી કરી કરાવી તેને માનસિક શારીરીક ત્રાસ આપતા હોય તેવુ ફલિત થતુ નથી. આમ, ફરિયાદી તથા સાહેદો નો પુરાવો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર મદદરૂપ થતો નથી. આરોપીઓ વિરૂધ્ધ આરોપના તત્વો સાબિત થતા નથી તેમજ આંક–૧૩ થી ફરિયાદપક્ષ તરફથી કલોઝીંગ પુરશીશ રજુ કરી બીજા કોઇ સાક્ષી તપાસવા માગતા નથી તેવુ જાહેર કરેલ છે. તેથી અન્ય કોઇ સાહેદોને તપાસેલ નથી. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ છે તે સામાન્ય બોલાચાલીનો છે. બનાવમાં આરોપીઓએ માર મારેલ હોય, ગંદી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે શારીરીક માનસીક ત્રાસ આપી દહેજની માંગણી કરતા હોય તેવો લેશમાત્ર પુરાવો આ સાહેદના સોગંદ પરના પુરાવાથી રેકર્ડ પર જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં આરોપીઓને દોષિત માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, કહેવાતો બનાવ આરોપીઓ ધ્વારા બનેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી આરોપીઓ વિરૂધ્ધ આરોપ મુજબના તત્વો સાબિત થતા નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ યુકત આરોપો સાબિત થતા નથી, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપયુકત શંકાથી પર આરોપી પુરવાર કરી શકેલ નથી તેમજ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. આમ ફરિયાદીની જુબાની જોતાં આરોપીઓ વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદ્દા નં.૧ ની હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ **એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં. ૧૯૬૯** માં ઠરાવ્યા મુજબ કેસના સંજોગો જોતા જયારે ફરિયાદી પોતે જ જયારે પોતાના કેસને બીલકુલ સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તરફે

બીજા અન્ય સાહેદોને તપાસવાથી કે સાંયોગિક પુરાવો એકત્ર કરવાથી કેસમાં કોઈ પરિણામ આવી શકે તેવા સંજોગો જણાતા નથી, તેથી આવા કેસોમાં બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ, અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સં જોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનુ યોગ્ય જણાતુ નથી. આમ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે મહીલા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૧૨૨૫૦૦૧૬/૨૦૨૫ ના કામે (૧) આશીષકુમાર વિશ્રામભાઈ પાંડોર(પતિ) (૨) વિશ્રામભાઈ મરતાભાઈ પાંડોર(સસરા) (૩)શારદાબેન વા/ઓ વિશ્રામભાઈ મરતાભાઈ પાંડોર(સાસુ) (૪)હંસાબેન ડો/ઓ વિશ્રામભાઈ મરતભાઈ વા/ઓ અરવિંદભાઈ બરંડા(નણંદ),આરોપી નં.૧ થી ૩ રહે.મોટા કંથારીયા પાંડોરફળીયું, તા.ભિલોડા, જી.અરવલ્લી, આરોપી નં.૪ રહે. વાકાટીંબા,તા.ભિલોડા,જી.અરવલ્લી નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪, દહેજ ધારા કલમ–૩ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ ૬ માસ સુધી

સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૦૧લી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૧ / ૦૪ /૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |